પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૪૩ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૦, મંગળવાર; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦



## હાઉસફુલ સ્ટેડિયમને જોઇ ઈવાન્કાએ સેલ્ફી પણ લીધી

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઇ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની પત્ની મેલેનિયા, દિકરી ઈવાન્કા અને જમાઇ જેરેડ કુશ્નર સાથે મોટેરા સ્ટેડિયમ ખાતે પહોંચ્યા ત્યારે દિકરી ઈવાન્કાની હાજરી અને તેની સેલ્ફીનો ક્રેઝ નોંધનીય બની રહ્યો હતો. ખાસ કરીને મોટેરા સ્ટેડિયમમાં ઉમટેલા સવા લાખથી વધુ માનવ મહેરામણ અને અમદાવાદીઓનું ભવ્ય સ્વાગત જોઇને ઈવાન્કા પોતાની જાતને સ્ટેડિયમ અને માનવ મહેરામણની સેલ્ફી લેવાથી રોકી શકી ન હતી. તો, ઈવાન્કા સ્ટેડિયમ પહોંચી ત્યારે પણ ઉમટેલા દર્શકો અને મહાનુભાવોએ પણ તેની સાથે એક સેલ્ફી લેવા માટે રીતસરની પડાપડી કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પ પરિવાર સાથે આજે અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. એરપોર્ટથી ગાંધી આશ્રમ અને ત્યારબાદ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં ટ્રમ્પ પરિવાર પહોંચ્યો હતો.



## નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ બાદ મિનિટોમાં મેદાન ખાલી થયું

અમદાવાદ, તા. ૨૪

મોટેરા સ્ટેડિયમમાં અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને મોદીના લગભગ એક કલાક નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ ચાલ્યો હતો. આ ઐતિહાસિક કાર્યક્રમમાં ભાગ લેવા સવારના ૯-૦૦ વાગ્યાથી લોકો આવવા લાગ્યા હતા. ત્યારબાદ મોદી અને ટ્રમ્પ ૧-૪૦ વાગ્યે સ્ટેજ પર પહોંચ્યા હતા. જ્યાં બંનેએ એક કલાક જેટલું સંબોધન કર્યું હતું. ત્યાર બાદ પોણા ત્રણ વાગ્યે કાર્યક્રમનું સમાપન થતા જ ૩૪ ડિગ્રી ગરમીમાં અકળાયેલા લોકો ફટાફટ રવાના થવા લાગતાં ગણતરીની મિનિટોમાં જ સ્ટેડિયમ ખાલી થઇ ગયું હતું. વિશ્વના સૌથી મોટા અમદાવાદના મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં આજે સવા લાખથી વધુનો માનવ મહેરામણ ઉમટયો હતો, જેને લઇ સ્ટેડિયમમાં આજે અનોખો અને નવો રેકોર્ડ સર્જાયો હતો કે, પહેલાં જ દિવસે મોટેરા સ્ટેડિયમ પ્રેક્ષકો અને આમંત્રિત મહેમાનોથી ખીચોખીચ ભરેલું જોવા મળ્યું હતું.

# આતંકને નાબૂદ કરવા સંયુક્ત સંકલ્પ

**પાકિસ્તાની જમીનથી ત્રાસવાદનો ખાત્મો કરાશે : ટ્રમ્પની ખાતરી : અમદાવાદ પહોંચ્યા બાદ અમેરિકન પ્રમુખ ટ્રમ્પનું શાનદાર સ્વાગત કરાયું : 'નમસ્તે ટ્રમ્પ-નમસ્તે ટ્રમ્પ' ના નારા સાથે ગૂંજી ઉઠ્યું સ્ટેડિયમ : ટ્રમ્પની મુલાકાતથી ભારત-અમેરિકાના સંબંધો વધુ ગાઢ બન્યા : ગાંધીની ભૂમિ પર બંને દેશોના સંબંધોનો નવો અધ્યાય શરૂ થશે: મોદી ● ભારતમાંથી આગામી એક દાયકામાં ગરીબી સંપૂર્ણ નાબૂદ થઈ જશે : ટ્રમ્પ : નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં લાખો લોકોની ઉપસ્થિતિમાં ટ્રમ્પે તમામ મુદ્દા ઉપર વાત કરી : ગોડ બ્લેસ ઇન્ડિયા, ગોડ બ્લેસ અમેરિકા બોલી ભાષણની પૂર્ણાહૂતિ : આજે મોદી સાથે બેઠક**

અમદાવાદ, તા. ૨૪

દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ અમદાવાદ મોટેરા સ્ટેડિયમમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નમસ્તે કાર્યક્રમમાં તમામ મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. સાથે સાથે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, પાકિસ્તાનને કોઈપણ કિંમતે આતંકવાદને ખતમ કરવો પડશે. અમે પાકિસ્તાન સાથે તેની જમીનથી આતંકવાદનો ખાત્મો કરીશું. પાકિસ્તાની સરહદમાં ત્રાસવાદીઓ પર કાર્યવાહી કરવાની જરૂર છે. દરેક દેશને સરહદી સુરક્ષા માટેનો અધિકાર છે તેમ કહીને ટ્રમ્પે ભારતને આતંકવાદીઓ સામે કાર્યવાહી કરવા માટે પરોક્ષરીતે લીલીઝંડી પણ આપી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, અમારા નાગરિકોની સુરક્ષા પર ખતરો બનીને કામ કરી રહેલા ત્રાસવાદીઓને ભારે કિંમત ચુકવવાની રહેશે. પાકિસ્તાનના આતંકવાદ પર ટ્રમ્પે વાત કરતાની સાથે લાખોની સંખ્યામાં ઉપસ્થિત રહેલા લોકો તાળીઓ વગાડી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત અને અમેરિકા બંને પોતાના નાગરિકોને ઈસ્લામિક આતંકવાદથી બચાવી રહ્યા છે. બંને દેશ ત્રાસવાદના શિકાર થયા છે. અમે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદને ખતમ કરવા માટે એક સાથે છીએ. સાબરમતી આશ્રમની ટુંકી મુલાકાત બાદ મોટેરા સ્ટેડિયમમાં આયોજિત ઐતિહાસિક ટ્રમ્પ કાર્યક્રમમાં પહોંચેલા અમેરિકી પ્રમુખે પોતાના અંદાજમાં જોરદારરીતે વાત કરી હતી અને કહ્યું હતું કે, ઈસ્લામિક સ્ટેટનો ખાત્મો કરી દેવામાં આવ્યો છે. તેમની અવધિમાં અમેરિકી સૈન્ય શક્તિને આઈએસની સામે કાર્યવાહી કરવાની છુટછાટ અપાઈ હતી. હવે આઈએસના ખલીફા બગદાદીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે, અમે સારા વિમાન, રોકેટ, જહાજો અને ઘાતક હથિયારો બનાવવામાં કુશળતા ધરાવીએ છીએ. અમે આ હથિયારો ભારતીય સેનાને આપવા માટે ઈચ્છુક છે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે, અમેરિકાને ભારતના સૌથી મોટા ડિફેન્સ પાર્ટનર તરીકે હોવા જોઈએ. ઈન્ડો પેસિફિક રિઝનને સુરક્ષિત રાખવાની જરૂર દેખાઈ રહી છે. ટ્રમ્પે તેમની ભાવિ યોજનાની વાત કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, વડાપ્રધાન મોદી સાથે ટ્રેડ ડિલ કરવાની બાબત સરળ નથી. અમે મોદી ટ્રેડ ડિલ કરવા જઈ રહ્યા છે. આના માટેની વાતચીત શરૂ થઈ ચુકી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, સાથે મળીને

● અનુસંધાન પાન-૭ પર

## સમગ્ર દેશ ટ્રમ્પ પરિવારને જોઈ ખુબ રોમાંચક : મોદી



**મેલેનિયા, ઇવાન્કા, જરેડની વિશેષ રીતે પ્રશંસા : ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં એક નવા યુગની શરૂઆત કરાઇ : સંબંધને પરિવાર જેવી મીઠાસ મળી છે**

અમદાવાદ, તા. ૨૪

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં મોદીએ પણ પોતાનું સંબોધન કર્યું હતું અને અમેરિકા સાથેના ઐતિહાસિક અને મજબૂત સંબંધોની વાત કરી હતી. ભારત માતાની જય બોલીને મોદીએ તેમના ભાષણની શરૂઆત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, નમસ્તે ટ્રમ્પ હું કહીશ યુએસ ઈન્ડિયા ફ્રેન્ડશીપ તમે કહેજો, લોંગ લીવ લોંગ લીવ સાથે ભાષણની શરૂઆત મોદીએ કરી હતી. તેમણે કહ્યું હતું કે, મોટેરા સ્ટેડિયમમાં આજે એક નવો ઈતિહાસ સર્જાયો છે. ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે. પાંચ મહિના પહેલા તેઓએ અમેરિકાની યાત્રાની શરૂઆત હ્યુસ્ટનમાં હાઉડી મોદી કાર્યક્રમ સાથે કરી હતી. આજે તેમના મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ઐતિહાસિક ભારત યાત્રાની શરૂઆત અમદાવાદમાં નમસ્તે ટ્રમ્પ સાથે કરી રહ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે, અમેરિકાથી સીધા અહીં પહોંચ્યા છે. આટલી લાંબી મુસાફરી બાદ ભારતમાં ઉતરતાની સાથે જ ટ્રમ્પ તેમના પરિવાર સાથે સીધા સાબરમતી

● અનુસંધાન પાન-૭ પર

## મોદી-ટ્રમ્પ એક-બે વાર નહિ પાંચ વખત એકબીજાને ભેટી પડ્યા



અમદાવાદમાં યોજાયેલ ઐતિહાસિક અને અભૂતપુર્વ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ ખરા અર્થમાં અદભૂત નીવડ્યો. આ કાર્યક્રમ ન ફક્ત વિશ્વની બે મહાસત્તાઓના મિલનનો હતો, પણ સાથે જ મહાસત્તાઓનાં બે નેતાઓનાં નિકટતાનો પણ હતો. આ કાર્યક્રમમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડા પ્રધાન મોદીની મિત્રતાનો અદભૂત પરિચય મળ્યો હતો. વિશ્વના બે નેતાઓ વચ્ચેની આવી મિત્રતા કદાચ પહેલીવાર જોવા મળી હતી. અને એ જ કારણ છે કે, ટ્રમ્પ અને પીએમ મોદી એકબીજાને એક-બે વાર નહીં પણ પાંચ-પાંચ વખત ગળે ભેટી પડ્યા હતા.

## ચાવાળા મોદી ખુબ કઠોર છે : ડોનાલ્ડ ટ્રમ્પ



**ટ્રમ્પે મોદી ચાઈવાલા કહેતા જ લોકોમાં ફેલાયેલું હાસ્યનું મોજું : મોદીએ ગૃહમંત્રી અમિત શાહનો પરિચય કરાવ્યો, ટ્રમ્પે ઉત્સાહભેર મિલાવેલા હાથ : નમસ્તે ટ્રમ્પના નારા ગુંજયા**

અમદાવાદ,તા. ૨૪

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં જોરદાર નારા ગુંજી ઉઠ્યા હતા. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પણ જુદા જુદા વિષય ઉપર વાત કરી હતી. ચાવાળા ભાષણમાં શબ્દનો ઉપયોગ કરીને ડોનાલ્ડ ટ્રમ્પે ભાષણ વચ્ચે મોદીને હાથ મિલાવ્યા હતા. ભાષણ વેળા એકાએક ટ્રમ્પ રોકાયા હતા અને મોદીને હાથ મિલાવવા માટે પહોંચ્યા હતા. ટ્રમ્પે હળવાશના મૂડમાં કહ્યું હતું કે, ચાવાળા મોદી ખુબ જ કઠોર છે. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, પત્ની મેલેનિયા, દીકરી ઈવાન્કા અને તેમના જમાઈ જેરેક કુશ્નર સાથે સવા બાર વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચી ગયા હતા. જ્યાં વડપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને ગળે લગાવીને ભારે ઉત્સાહ અને આદર સાથે શાહી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બંને મહાનુભાવો ગાંધી આશ્રમ જવા નીકળ્યા હતા. જ્યાંથી તેઓ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ માટે મોટેરા સ્ટેડિયમ જવા નીકળ્યા હતા. જ્યાં મોદીના સંબોધનથી

● અનુસંધાન પાન-૭ પર